# ભાવ ઘટાડા પછી પણ મોંઘવારી ઠેરની ઠેર

**આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલિયમ પેદાશોના ભાવો ઘટયા છે. જેને લઈ ભારતમાં પણ તેના ભાવો ઘટવા છતાં ઓટો રીક્ષાના ભાડા, ફરસાણ કે દૂધના ભાવોમાં કોઈ ઘટાડો ન નોંધાતા પ્રજામાં ચિંતા સાથે રોષ યથાવત**

ગાંધીનગર, તા.૯

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ તેમજ પેટ્રોલના ભાવોમાં ઘટાડો નોંધાતા ઓઈલ અને પેટ્રોલમાં તો લોકોના અચ્છે દિન આવી ગયા છે પરંતુ દૂધ અન્ય ખાણી પીણીની ચીજવસ્તુઓ અને વાહન વ્યવહારના ભાવો જેમના તેમ રહેતા પ્રજા ભાવો ઘટવા છતાં હજુ પણ મોંઘવારીની માર સહન કરી રહી છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં છેલ્લા ઘણા સમયથી ક્રૂડ ઓઈલ અને પેટ્રોલના ભાવોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. પરિણામે ભારત ભરમાં જૂન પછી પેટ્રોલમાં રૂ.૬ સુધી અને ડિઝલમાં રૂ. ૮ સુધીનો ઘટાડો નોંધાયો છે. તેમ છતાં અગાઉના સમયમાં વધેલા પેટ્રોલ ડિઝલના ભાવોના કારણે મોંઘીદાટ બનેલી ચીજ વસ્તુઓ જેવી કે દૂધ, કઠોળ, ખાણી પીણી તેમજ વધેલા ગાડી રીક્ષાના ભાડામાં કોઈ પણ ઘટાડો થયો નથી. છેલ્લા છ માસમાં દૂધના ભાવોમાં રૂ. પાંચનો વધારો થયો છે જયારે છેલ્લા છ માસમાં પેટ્રોલના ભાવમાં રૂ. ૬-૭નો ઘટાડો થયો છે. તેમ છતાં ડેરીના સંચાલકો દૂધના ભાવો ઘટાડતા નથી આવું કેમ આ પ્રશ્ન પ્રજાને સતત સતાવી રહ્યો છે. ઉપરાંત તેલના ડબ્બે રૂ. ૩૦૦ થી ૫૦૦નો ઘટાડો નોંધાયો છે પરંતુ ફરસાણની ચીજ વસ્તુઓના ભાવો જેમના તેમ સ્થિર છે અને વધેલા રીક્ષાના ભાડામાં પણ કોઈ ઘટાડો નથતા મોંઘવારીમાં પીસાતી આમ જનતાને ભાવ ઘટવા છતાં કોઈ ફાયદો કે લાભ થતો નથી અને બીજી બાજુ વેપારીઓ આમ જનતાને મોંઘવારીના નામે લૂંટી રહી છે ત્યારે જનતા દૂધ ખાણી-પીણીની ચીજવસ્તુઓ અને રીક્ષાના ભાડામાં ઘટાડો થાય તેવું ઈચ્છી રહી છે.

# ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવને પગલે હેલ્મેટ વેચાણ કેન્દ્રોમાં ધમધમાટ

**જિલ્લામાં ડ્રાઈવનાં સતત ચોથા દિવસે પણ લાખોની દંડ વસુલાત કરાઈ**

ગાંધીનગર, તા. ૯

રાજ્યભરમાં ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ ચાલી રહી છે. જેને પગલે ગાંધીનગર જિલ્લામાં પણ આ ડ્રાઈવ સઘન બનાવવામાં આવી છે. દરરોજ ડ્રાઈવ દરમ્યાન ૨ હજાર જેટલા વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં એક થી બે લાખ સુધીની રકમ સરકારમાં જમા કરવામાં આવે છે. આજે ઝુંબેશના સતત ચોથા દિવસે પણ લાખોની દંડ વસુલાત કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા હાથ ધરાયેલી કડક ટ્રાફીક એજ્યુકેશન ઝુંબેશને પગલે હવે ગાંધીનગર શહેરના માર્ગો ઉપરાંત ચિલોડા, કલોલ, દહેગામ, માણસા, અડાલજ સહીતના વિસ્તારો પર માર્ગોની સાઈડમાં હેલ્મેટ વેચાણ કેન્દ્રો વધી ગયા છે. આ હાટડીઓ પર હેલ્મેટ ખરીદનાર વાહનચાલકોની સંખ્યામાં પણ ઘસારો જોવા મળી રહ્યો છે. હેલ્મેટ વેચાણ કેન્દ્રો પર ધમધમાટ જોતા એમ કહી શકાય કે પ્રજા ટ્રાફીક ઝુંબેશ બાદ એવર થાય કે ન થાય પરંતુ આવી ઝુંબેશ દર મહિને ચલાવાય તેમ હેલ્મેટ વેચાણ કેન્દ્રો ચલાવતા લારી સંચાલકો જરૂર ભગવાનને પ્રાર્થના કરશે..!






# જીપીએસસી પ્રીલીમ પરીક્ષામાં ૧૨ ગણાં ઉમેદવારો પાસ કરવા મુખ્યમંત્રીને થોકબંધ રજુઆતો...!

**૧૦ વર્ષથી જીપીએસસીની રાહ જોઈને બેઠેલા ગુજરાતી આશાસ્પદ ઉમેદવારોની વ્યાપક હિત માટે નિર્ણય લેવા આજીજી**

ગાંધીનગર, તા.૯

ગુજરાત પબ્લીક સર્વિસ કમીશન (જીપીએસસી)ની પરીક્ષાની ગુજરાતી આશાસ્પદ યુવાનો છેલ્લા દશેક વર્ષથી આતુરતાથી રાહ જોઈને બેઠા હતાં. આ વર્ષે તેમની આતુરતાનો અંત આવ્યો અને પ્રિલીમ પરીક્ષા પણ તાજેતરમાં લેવાઈ ગઈ..! જો કે વર્ષો બાદ લેવાયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની આ પરીક્ષામાં જીપીએસસી દ્વારા કુલ જગ્યાના ૬ ગણા ઉમેદવારોની પ્રિલીમમાં પસંદગી કરી પાસ કરવાનો નિર્ણય લેવાયો છે જે અગાઉની જીપીએસસીની પરીક્ષામાં ૧૨ થી ૧૫ ગણા પાસ કરવામાં આવ્યા હતા તે ઉપરાંત યુપીએસસી તથા અન્ય તમામ રાજયના જાહેર સેવા આયોગ પણ ૧૨ ગણા ઉમેદવારો જ પાસ કરતા હોય છે.જેને પગલે ગુજરાતનાઆશાસ્પદ ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે.

આ મામલાને ગંભીરતાપૂર્વક ન લેવાય તો હજારો ગુજરાતી ઉમેદવારો કે જે યોગ્ય લાયકાત હોવા છતાં ગેરલાયકની યાદીમાં સમાઈ જાય તો નવાઈ નહીં...! રાજયનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ગુજરાતી યુવાનોના વ્યાપક હિતમાં જીપીએસસી પ્રિલીમ પરીક્ષામાં ૧૨ થી ૧૫ ગણા ઉમેદવારો પાસ કરવા ઉમેદવારો દ્વારા લેખિત રજુઆતો કરવામાં આવી છે. મુખ્યમંત્રીને ઉમેદવારોએ થોકબંધ રજુઆતો કરી છે પરંતુ જોવું રહ્યું કે ગુજરાતી ઉમેદવારોને ન્યાયતંત્ર પહેલા ગુજરાત સરકાર ન્યાય આપીને સાચા અર્થમાં પ્રજાનાં હિતના રાજય સેવક બને છે કે કેમ...!



# ટ્રાફીક નિયમનમાં જાહેર પરિવહન બાકાત ખાનગી વાહનો જ ફકત નિશાના પર

**એસ.ટી. બસ, સરકારી વાહનો તથા રાજયના શહેરની સીટી બસો વગેરે પર પોલીસ મહેરબાન**

ગાંધીનગર, તા.૯

અકસ્માતો ઉપર અંકુશ સાથે લોકજાગૃતિ કેળવવા રાજયભરમાં પોલીસ દ્વારા શરૂ કરાયેલ ટ્રાફિક એજયુકેશન ડ્રાઈવમાં ભેદભાવ ઉડીને આંખે વળગે તેવો છે. ટ્રાફીક નિયમન ભંગમાં જાહેર પરિવહનના એક પણ વાહનને દંડનાત્મક કાર્યવાહી થતી નથી જયારે પોલીસના નિશાના ઉપર ફકત ખાનગી વાહનો જ રહ્યા છે. જાહેર પરિવહનના વાહનો થકી માર્ગો ઉપર અકસ્માત થતા જ ન હોય તેવી છાપ આમ પ્રજાજનોમાં ઉપસી છે જેથી કાયદો ફકત સામાન્ય નાગરિકો માટે જ બનાવ્યો હોય તેવું ચિત્ર હાલની પોલીસની ટ્રાફીક એજયુકેશન ડ્રાઈવમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજયભરમાં ટ્રાફીક એજયુકેશન ડ્રાઈવમાં સિટબેલ્ટ, હેલમેટ, કાળી ફિલ્મ તેમજ અન્ય રીતે ટ્રાફિકના નિયમોના ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડનાત્મક કાર્યવાહી થઈ રહી છે. જેમાં ફાયદો વાહનચાલકોને હોવા છતાં બેદરકારીથી અકસ્માત થઈ રહ્યા છે. ખરેખર હેલ્મેટ ન પહેરવી, સીટ બેલ્ટ ન લગાવવો કે અન્ય ટ્રાફીક ભંગથી થતું નુકશાન વાહનચાલકો જ ભોગવે છે. જેમાં ભારે ઈજાઓ કે મૃત્યુ થવાના સંજોગો હોય છે કે જે પરિસ્થિતિમાં વાહનચાલકોએ આપોઆપ પોતાના સ્વબચાવ અંગે સભાનતા રાખવી વાહન હંકારતી વખતે જરુરી સાધનો અપનાવવા જોઈએ જેમાં ટ્રાફિક નિયમન કે ટ્રાફીક એજયુકેશન ડ્રાઈવના અવકાશની આવશ્યકતા જ નથી છતાં પણ તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમ રાખે છે જે શિક્ષિત રાજયમાં અશોભનીય બન્યુ છે. હકીકતે તો આ કાર્યક્રમ જાહેર પરિવહનના વાહનો માટે હોવો જોઈએ કેમ કે આ વાહનો પોતાનું વાહન હોતું નથી અને વાહન હંકારનાર નોકરીયાત હોય છે જેથી સામાન્ય નાગરિકોની સલામતી એ તંત્રની ફરજ બની જતી હોય છે. છતાં પણ તંત્રએ જાહેર પરિવહનને આ કાર્યક્રમમાંથી બાકાત રાખ્યું હોય તેમ તેના કોઈ પણ વાહન વિરૂધ્ધ કોઈ જ કાર્યવાહીના કિસ્સા બન્યા જ નથી.

રાજયમાં એસ.ટી. બસો, સરકારી વાહનો તથા શહેરની સીટી બસો વગેરે દ્વારા સીટ બેલ્ટ ન બાંધવો, કિલોમીટર પૂર્ણ થવા છતાં વાહન ચલાવવું, પીયુસી ન હોવું તથા અન્ય નિયમોનું પાલન થયેલ ન હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી થતી નથી. વધુમાં આવા ખામી ભરેલા વાહનો થકી પણ અકસ્માતો સર્જાયા હોવાના અનેક કિસ્સા ભુતકાળમાં બનેલા છે જે રાજયનો દરેક નાગરીક સારી રીતે જાણે છે અને સમજે છે. માટે કાયદાનો અમલ દરેક માટે એક સરખો હોવો જોઈએ અને જેથી સરકારી વાહનો તથા જાહેર પરિવહનના વાહનો પણ ટ્રાફીક ડ્રાઈવમાં સમાવી દંડનાત્મક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ સામાન્ય નાગરિકો કરી રહ્યા છે.

# પૂર્વ વિસ્તારના ખેડૂતોએ બટાકાના વાવેતરના શ્રી ગણેશ કર્યા

**દહેગામ, બાયડ, ચિલોડા સહીતના વિસ્તારના ખેડૂતો બટાકાની ખેતીમાં વ્યસ્ત બન્યા : અંદાજીત ૨ હજાર એકરમાં વાવણીનો અંદાજ**

ગાંધીનગર, તા.૯

તાલુકાના ચિલોડા પંથકમાં બટાકાના વાવેતરના ખેડૂતોએ શ્રી ગણેશ કર્યા છે. ચાલુ વર્ષે સતત વરસી રહેલા વરસાદથી ખરીફ પાકમાં નુકશાની જ વેઠવી પડી છે. પંથકના ખેડૂતો શાકભાજીની ખેતી કરવા લાગ્યા છે. બટાકાના વાવેતરની સિઝન શરૂ થઈ જતા ખેડૂતો ખેતીમાં વ્યસ્ત બન્યા છે.

ઠંડીની શરૂઆત થતા બટાકાની વાવણી પણ ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. ચાલુ વર્ષે ખેડૂતો પોખરાજ બિયારણ પર કળશ ઢોળી રહ્યા છે. પોખરાજ જાન્યુઆરી સુધીમાં બજારમાં આવી જાય છે અને ભોજનમાં પણ સ્વાદિષ્ટ હોય છે. તેમજ લોકર અને બાદશાહ બિયારણ વાળા બટાકા સંગ્રહિત કરવામાં સારા હોય છે અને ઝડપથી બગડતા નથી.

જિલ્લાના નાંદોલ, મગોડી, વડોદરા, ચિલોડા, ડભોડા, ઈસનપુર, સોલંકીપુરા, લીહોડા, માણેકપુર, બાયડ તાલુકાના વાસણી, ઉંટરડા, ચોઈલા તેનપુર સહિતના ગામોના ખેડૂતો આધુનિક ઢબથી ખેતી કરતા થયા છે. ખેડૂતો રવિ પાકમાં ઘઉંનું વાવેતર કરતા હોય છે. પરંતુ વાતાવરણ અને પોષણક્ષમ ભાવો ન મળતા હોવાથી બટાકાની ખેતી તરફ ખેડૂતો વળ્યા છે.

તેમજ બટાકા માટે આ વિસ્તારની જમીન અનુકુળ આવે છે. આ વિસ્તારની જમીન રેતીયુ અને ગોરાળુ હોવાથી અહિંના ખેડૂતો પુષ્કળ પ્રમાણમાં બટાકાનું વાવેતર કરે છે. બટાકામાં ખેડૂતો અલગ અલગ બિયારણનો ઉપયોગ કરતા હોય છે સૌથી વધુ પોખરાજ બિયારણનો ઉપયોગ થાય છે.

ખેડૂતો બટાકાનું બિયારણ પંજાબ જલંધરથી લાવતા હોય છે. ખેડૂતોને એક વિઘે ૬૦૦ કીલો બટાકાનું બિયારણ લાવી વાવણી કરે છે અને ખેડૂતને વિઘે ૨૫થી ૩૦ હજાર ખર્ચ થાય છે.ખેડૂતના જણાવ્યા મુજબ જમીનમાં શરૂઆતમાં ફોસ્ફરસ, ડીએપી પોટાશ, નાંખી જમીનને ફળદ્રુપ બનાવી વાવણી કર્યા બાદ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો પડતો હોય છે. આ કર્યા બાદ ૨૫૦થી ૩૦૦ મણ ઉતારો મળે છે.

ખેડૂતોને રવિ પાકમાં સતત નુકશાન વેઠવું પડે છે. ઘઉંની વાવણી કરતા ખેડૂતો બટાકાની ખેતીમાં વળી ગયા છે. શાકભાજીની ખેતીમાં નુકશાની ઓછી વેઠવી પડે છે અને તેના કારણે જ ખેડૂતો બટાકાની ખેતીમાં વ્યસ્ત બન્યા છે.





(તસવીર : નટુભાઈ પટેલ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧

સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦

રોર : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

રોર : ૧.૩૦, ૧૦.૦૦

હૈદર : ૪.૦૦

કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦

સુપર નાની : ૬.૩૦

હૈદર : ૪.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫

રોર : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૩ :

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.